# બિહારમાં ગુજરાતના કુલ ૧૨ સનદી અધિકારી નિરીક્ષક હશે

## ૧૪ સનદી અધિકારીઓના નામ પૈકી ૧૨ અધિકારીની પસંદગી કરાઈ : બે નામ પાછા ખેંચી લેવામાં આવ્યા હતા

અમદાવાદ, તા.૮

બિહારમાં યોજાનારી વિધાનસભાની ચુંટણીને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજ્યની સનદી સેવામાં જોડાયેલા ૧૨ અધિકારીઓની નિરીક્ષક તરીકે નિમણૂંક કરાઈ છે. આગામી સપ્તાહથી બિહારમાં ચુંટણી પ્રક્રિયા શરૂ થઈ રહી છે. દિવાળી પૂર્વે યોજાનારી બિહાર વિધાનસભાની ચૂંટણીમાં ગુજરાત રાજ્યની સનદી સેવામાં જોડાયેલા ૧૨ જેટલા અધિકારીઆ નિરીક્ષક તરીકે જવાના છે.

ગુજરાત સરકારના સામાન્ય વહીવટી વિભાગ દ્વારા ૧૪ જેટલા સનદી અધિકારીઓના નામ મોકલવામાં આવ્યા હતા તે પૈકીના બે અધિકારીઓના નામ રાજ્ય સરકાર દ્વારા કેન્દ્રીય ચૂંટણીપંચને નથી મોકલ્યા આ બંન્ને અધિકારીઓની ગેરહાજરીથી રાજ્ય સરકારના કામને અસર પડતી હોવાથી પાછા ખેંચવામાં આવ્યા છે. આગામી સપ્તાહથી શરૂ થતી બિહારની ચૂંટણીમાં કામકાજ માટે આ અધિકારીઓ રવાના થવાના છે.

આથી રાજ્યના ૧૨ વિભાગનો કારભાર એક મહિના સુધી ચાર્જમાં ચાલશે.આ બે અધિકારીમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગના સચિવ એસ.જે.હૈદર અને આરોગ્ય કમિશનર જે.પી.ગુપ્તાના બન્નેના નામો મોકલ્યા બાદ પાછા ખેંચવામાં આવ્યા છે. રોગચાળાની વર્તમાન સ્થિતિને લઈને આ બન્ને અધિકારીની રાજ્યમાં હાજરી અનિવાર્ય છે. આ ચૂંટણીમાં ડો.જયંતિ રવિ ડો.અંજુ શમર ડો.નટરાજન, મુકેશકુમાર, મનીષ ભારદ્વાજ ર્ડા.એસ.મુરલી ક્રિષ્નાન, હરિત સુકારા, વિનોદરાવ, અનુપમ આમદ, પ્રવિણ સોલંકી, રાકેશશંકર અને રણજીતકુમાર જે દોઢ મહિના સુધી સચિવાલયમાં મળશે નહીં દિવાળી પૂર્વે આ અધિકારીઓ બિહારની વિવિધ બેઠકો પર નિરીક્ષક તરીકે કામગીરી બજાવશે. સામાન્ય વહીવટી વિભાગના સૂત્રોના જણાવ્યાનુસાર અન્ય રાજ્યોની ચૂંટણીમાં જતા સનદી અધિકારીઓની માગણી કેન્દ્રીય ચૂંટણીપંચ દ્વારા કરવામાં આવે છે.

### નિરીક્ષકો નિમાયા..

| | | |
|---|---|---|
| ર્ડા.જંયતિ એસ.રવિ | ૧૯૯૧ | શ્રમ કમિશનર |
| ર્ડા.અંજુ શર્મા | ૧૯૯૧ | જીએસડીએમએ |
| ર્ડા.ટી.નટરાજન | ૧૯૯૬ | નાણાં વિભાગ સચિવ |
| મુકેશ કુમાર | ૧૯૯૬ | સર્વ શિક્ષા અભિયાન |
| મનીષ ભારદ્વાજ | ૧૯૯૭ | સચિવ યુએસાપ્ર |
| ર્ડા.એસ.મુરલીક્રિષ્ના | ૧૯૯૮ | એમડીજીયુડીસી |
| હારિત શુકલા | ૧૯૯૯ | એમ.ડીયુજીવિસીસીએ |
| વિનોદરાવ | ૨૦૦૦ | ડાયરેક્ટર અને આરએચ |
| અનુપમ આનંદ | ૨૦૦૦ | એડીશનલ સીઈઓજીયુડીસી |
| પ્રવિણ સોલંકી | ૨૦૦૩ | એમડી પી.જીસીસીએ |
| રાકેશ શંકર | ૨૦૦૪ | ડાયરેક્ટર મ્યુનિસિપાલીટી |
| રણજીત કુમાર જે | ૨૦૦૫ | સિવિલ સપ્લાય |



સાબરકાંઠા જિલ્લા નેશનલ હાઈવે આઠ પાસે આવેલ તાજપુર કૂઈ પાસે અજાણ્યા તોફાની ટોળાં દ્વારા રોડ ઉપર ટાયર મૂકીને સળગાવી રસ્તા રોકવાનો પ્રયાસ કરતાં પ્રાંતિજ પોલીસને જાણ થતાં પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પી.આઈ. ભરત પટેલ સહિત પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી ગઈ હતી.



## પાલનપુર ખાતે ઓર્ગેનિક બટાકા ખેતીનો પરિસંવાદ

પાલનપુરના મેરવાડા ગામ મુકામે બટાકા પાકની ઓર્ગેનિક ખેતી અને બટાકાની આધુનિક ખેતીનો સેમીનાર યોજવામાં આવ્યો આ પ્રસંગે વિવિધ સંસ્થાઓના નિષ્ણાતોએ બટાકાની આધુનિક ખેતીના માર્ગદર્શન આપતાં ખેડુત આગેવાન ગીરીશભાઈ જગાણીયા એ જણાવ્યું હતું કે પાલનપુર ખાતે શકિત વેજીટેબલ(અને) ફ્રુટ સ્ટોરેજ બનવાથી ખેડુતો માટે બટાકા સંગ્રહ અને એક્સ્પોટ ક્વોલિટીના બટાકા ને નિકાસ કરી શકાશે, આ સ્ટોરેજ હોલેન્ડની આધુનિક ટેકનોલોજીને કારણે સુગરફ્રી અને લાંબા સમય સુધી ગુણવતા સચવાશે અને બહારના દેશો બટાકા લેવા પાલનપુર માં માંગ ઉભી થવાની છે, તો આપણેસૌ ઓર્ગેનિક બટાકાની ખેતી કરી ડોલરમાં કમાણી કરવાની છે, આ પરિસંવાદમાં દાંતીવાડા કુષિ યુનિર્વસીટીના ડો. આર.એમ.પટેલ, બગાયત ખાતાના ધવલ જોષી,ભાવેશ કરપટીયા, ગુજરાત એગ્રોના ગોસાઈ, નિનામા અને હસમુખ દોશી હાજર રહીને ખેડુતોને માર્ગદર્શન આપ્યું આ પ્રસંગે મોટી સંખ્યામાં પાલનપુર અને વડગામ તાલુકાના પ્રગતિશીલ ખેડુતો મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં.

# રાજ્યના તેજસ્વી વિદ્યાર્થીને સહાય કરાશે : નિતિન પટેલ

અમદાવાદ, તા.૮

રાજયના પ્રવકતા મંત્રી નિતીનભાઈ પટેલ અને સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના તમામ જ્ઞાતિ સમાજોના તેજસ્વી વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે કોઈપણ જ્ઞાતિ જાતિના ભેદભાવ સિવાય રાજય સરકાર દ્વારા ૫૦ ટકા સહાય મળે તેમજ રહેઠાણના સ્થળેથી બહારના તાલુકાઓમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ૧૨૦૦ની રહેવા જમવાની સહાય પેટે તેમજ પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચત્તર શાળામાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તક, ગણવેશ સહાય અને શિષ્યવૃત્તિ સમાન ધોરણે, ડિપ્લોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને દર વર્ષે ૨૫૦૦૦ની સહાય જેવી વિવિધ યોજનાનો લાભ રાજયનાં અંદાજે ૬૦,૦૦૦થી વધુ તેજસ્વી વિદ્યાર્થીઓને મળે તે માટે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા તા. ૨૪.૦૯.૨૦૧૫ના રોજ મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના જાહેર કરવામાં આવેલ.

પ્રવક્તા મંત્રીએ ઉમેર્યુ હતું કે, અનામત વર્ગની જ્ઞાતિમાં આવતા ન હોય તેવા વિદ્યાર્થીઓને સહાય કરવા માટે જાહેર કરેલ આ યોજનાને રાજયના વિવિધ જ્ઞાતિ સમાજોમાંથી બહોળો આવકાર મળી રહ્યો છે, જેની ઝડપથી અમલવારી શરૂ થાય તે માટે રાજય સરકારે તા. ૦૭. ૧૦. ૨૦૧૫ના રોજ આદેશો બહાર પાડ્યા છે. ઠરાવમાં જણાવ્યા અનુસાર આ યોજના હેઠળ ધોરણ-૧૦માં ૮૦ ટકા પર્સન્ટાઈલ (લગભગ ૬૦ ટકાથી વધુ ગુણ) અને ધોરણ-૧૨માં ૯૦ ટકા પર્સન્ટાઈલ (લગભગ ૭૦ ટકા થી વધુ ગુણ) મેળવેલા વિદ્યાર્થીઓને મળશે. ઠરાવમાં વધુમાં જણાવ્યાનુસાર, પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે સરકારી અને અનુદાનિત શાળાઓમાં અભ્યાસ કરતા તમામ વર્ગોના વિદ્યાર્થીઓને તેમના વાલી-માતા-પિતાની આવકમર્યાદાને ધ્યાને લીધા સિવાય એક સમાન ધોરણે મફત ગણવેશ, પાઠ્યપુસ્તકો અને શિષ્યવૃત્તિના લાભો આપવામાં આવશે. તેજ રીતે ધોરણ-૭થી ૧૨માં અભ્યાસ કરતા તમામ વિદ્યાથીઓને પણ આવકમર્યાદા ધ્યાને લીધા સિવાય મફત પાઠ્યપુસ્તકો મળવાપાત્ર થશે. આ યોજના હેઠળ ઉચ્ચ શિક્ષણ માટે સહાય આપવામાં આવશે.

તદઅનુસાર ડીપ્લોમાં કક્ષાના અભ્યાસક્રમો માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ અથવા અન્ય માન્ય બોર્ડની ગુજરાતમાંથી ધોરણ-૧૦ની પરીક્ષામાં ૮૦ ટકા કે તેથી વધુ લાવનાર વિદ્યાર્થીને લાભ આપવામાં આવશે. જ્યારે સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ અથવા માન્ય બોર્ડની ગુજરાતમાંથી ધોરણ-૧૨ની વિજ્ઞાન પ્રવાહ અથવા સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ૯૦ ટકા કે તેથી વધુ ટકા લાવનારને આ યોજનાનો લાભ મળશે.

આ માટે વાલી ૪.૫૦ લાખની વાર્ષિક આવક ધરાવતા હોવા જોઈએ તથા એન.આર.આઈ બેઠકો પર પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે. જ્યારે ટ્યુશન સહાય માટે ધોરણ-૧૨ પછીના ઉચ્ચ શિક્ષણના સ્નાતક કક્ષાના મેડીકલ અને ડેન્ટલના સરકાર માન્ય સંસ્થાના સ્વનિર્ભર અભ્યાસક્રમો માટે નિયત થયેલ વાર્ષિક ટ્યુશન ફીની ૫૦ ટકા રકમ અથવા ૨ લાખ તે પૈકી જે ઓછુ હોય તે સહાય દર વર્ષે મળવાપાત્ર થશે. ઈજનેરી, ટેકનોલોજી, ફાર્મસી, આર્કિટેક્ચર, એગ્રીકલ્ચર, આયુર્વેદ, હોમિયોપેથી, નર્સીંગ ફીઝીયોથેરાપી, પેરા-મેડીકલ, વેટરનરી જેવા સરકાર માન્ય સંસ્થાના સ્વનિર્ભર અભ્યાસક્રમો માટે નિયત ટ્યુશન ફીના ૫૦ટકા રકમ અથવા ૫૦ હજાર પૈકી જે ઓછુ હોય તે મળવાપાત્ર છે.

## વિદ્યાર્થિનીને લૂંટી લેનાર બે શખ્સોની ધરપકડ

અમદાવાદ, તા.૮

શહેરના એસ.જી.હાઈવે પર આવેલી નિરમા યુનિવર્સિટીમાં દસ દિવસ અગાઉ મોડી રાત્રે રીક્ષામાં બેઠેલી વિદ્યાર્થીનીને ત્રણ શખ્સોએ માર મારી હતી. આ ત્રણેય શખ્સો એ વિદ્યાર્થીની પાસેથી રોકડા રકમ અને મોબાઈલ ફોનની લૂંટ કરી ફરાર થઈ ગયા હતા. આ અંગે વિદ્યાર્થીનીએ સોલા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. જેને પગલે પોલીસે ગુનો નોંધી બે આરોપીઓની ધરપકડ કરી હતી.

પોલીસ મુજબ શહેરના એસ.જી.હાઈવે પર આવેલી નિરમા યુનિની વિદ્યાર્થીની ઈસ્કોન જવા માટે ઓટો રીક્ષામાં બેઠી હતી. તે દરમ્યાન ઓટો રીક્ષામાં બેઠેલા બે શખ્સો અને રીક્ષા ચાલક મળીને વિદ્યાર્થીની મારમારી હતી અને રોકડ રકમ અને આઈ ફોનની લૂંટ કરી ફરાર થી ગયા હતા. આ અંગે વિદ્યાર્થીની એ સોલા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. જેને પગલે પોલીસને તપાસ કરતાં છારોડી ગામના ગોયલ ફાર્મ પાસેથી બે આરોપીઓની ધરપરડ કરી હતી.

## LSB : ૧૦ને ખોટી રીતે પ્રવેશ આપ્યા બાદ પ્રવેશ રદ કરાયો

અમદાવાદ, તા.૮

ગુજરાત યુનિવર્સિટી અને વહીવટીય છબરડા એ એક સિક્કાની બે બાજુ સમાન છે. યુનિવર્સિટી દ્વારા વહીવટીય કામમાં કરવામાં આવતા છબરડાઓની યાદી બહુ લાંબી બને તેમ છે. ત્યારે યુનિવર્સિટીની પ્રવેશ સમિતિએ એલએસબીના અભ્યાસક્રમમાં ૧૦ વિદ્યાર્થીઓને ખોટી રીતે પ્રવેશ આપી દીધો હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે.

જોકે પાછળથી પોતાની ભુલ સમજાતા પ્રવેશ સમિતિ દ્વારા આ વિદ્યાર્થીઓનો પ્રવેશ રદ કરી દેવામાં આવ્યો છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટી દ્વારા એલએસબીનાં ગુજરાત યુનિવર્સિટી દ્વારા એલએલબીનાં અભ્યાસક્રમમાં જનરલ અને ઓબીસી કેટેગરીના વિદ્યાર્થીઓને ૪૫ ટકાથી વધુ માર્ક્સ હોય તો જ પ્રવેશ આપવાનો નિર્ણય કરાયો હતો. આ ઉપરાંત બે માર્કશીટ વાળા વિદ્યાર્થીઓને ૪૫ ટકાથી વધુ માર્ક થતા હોવા છતાં પ્રવેશ ન આપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જો કે તેમ છતાં તેમ નિયમોને કારણે મુકીને ગુજરાત યુનિવર્સિટીની પ્રવેશ સમિતી દ્વારા બે માર્કશીટ ધરાવતા હોય તેવા ૧૦ વિદ્યાર્થીઓને એલએલબીમાં પ્રવેશ સમિતિનેપોતાની ભુલ સમજાતા આ વિદ્યાર્થીઓનો પ્રવેશ રદ કરી દેવામાં આવ્યો છે. પરંતુ પ્રવેશ સમિતિનીઆ ભુલના કારણે યોગ્ય ઉપલબ્ધ હોવા છતાં એલએલબીમાં પ્રવેશથી વંચિત રહી ગયા છે. જેનાં પગલે વિદ્યાર્થીઓને થયેલ આ અન્યાય બદલ જવાબદાર અધીકારીઓ સામે પગલા ભરવાની માંગ એનએસયુઆઈ દ્વારા કરવામાં આવી છે. આ અંગે એલએલબી માટેની પ્રવેશ સમિતિના કન્વીનર એલ.એસ.પાઠકનો સંપર્ક કરતા તેમણે સમગ્ર ઘટનામાં પોતાની કોઈજ ભુમિકા ન હોવાનું જણાવ્યું હતું. જો કે સમગ્ર પ્રકરણમાં પ્રવેશ સમિતી કે યુનિવર્સિટી વહીવટી તંત્રની ભુલના કારણે ૧૦ વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહી ગયા હોય તે હકીકત છે. ત્યારે હવે આ સમગ્ર પ્રકરણમાં ગુજરાત યુનિવર્સિટી તમામ સંબંધિત જવાબદારો સામે પગલા લેશે કે કેમ તે પ્રશ્ન ચર્ચાનો વિષય બન્યો છે.

## અમદાવાદમાં ડેન્ગ્યુના નવા ૨૧ કેસથી ભારે ખળભળાટ

સ્વાઈન ફ્લુ અને ડેન્ગ્યુ રોગચાળાએ જોરદાર આતંક મચાવેલો છે. ડેન્ગ્યુ રોગચાળાને રોકવા માટે તંત્ર દ્વારા વિવિધ પગલા લેવાયા હોવા છતાં હજુ તેની અસર દેખાઈ રહી નથી. આજે પણ ડેન્ગ્યુના મોટી સંખ્યામાં કેસો નોંધાયા હતા. અમદાવાદ મહાનગર-પાલિકામાં જ ડેન્ગ્યુના ૨૧ કેસોને સમર્થન મળ્યું છે. સુરતમાં ૨, રાજકોટમાં ૨, વડોદરા મહાનગરપાલિકામાં ડેન્ગ્યુના ૧ કેસને સમર્થન મળ્યું હતું. કુલ ૨૬ કેસ ચાર મહાનગરપાલિકામાં ડેન્ગ્યુના નોંધાતા ખળભળાટ મચી ગયો હતો.

## કોટક મહિન્દ્રા બેંકે કોટક ભારત એપ ગુજરાતીમાં લોન્ચ

### ઈન્ટરનેટ જોડાણ વિના ફંડ ટ્રાન્સફર ઓફર કરતી ભારતની પ્રથમ બેન્ક

કોટક મહિન્દ્રા બેન્ક (કેએમબી)એ આજે ગુજરાતી ભાષામાં કોટક ભારત એપ લોન્ચ કરવાની જાહેરાત કરી છે. કોટક ભારત એક મોબાઈલ બેન્કિંગ એપ્લીકેશન છે, જેમાં ઈન્ટરનેટ જોડાણની જરૂરિયાત રહેતી નથી. કોટક ભારત એપના માધ્યમથી મર્યાદિત બેન્કિંગ અથવા બેન્કિંગ સુવિધાથી સંપૂર્ણપણે વંચિત પ્રદેશોના સામાન્ય વ્યક્તિઓને પણ તેમની પસંદગીની ભાષામાં મોબાઈલ બેન્કિંગની સુવિધાઓ ઉપલબ્ધ બની રહે.

વધુમાં, કેએમબી ભારતની પ્રથમ એવી બેન્ક છે કે જેણે આ મોબાઈલ એપ દ્વારા ઈન્ટરનેટ જોડાણ વિના તથા લાભાર્થીને ઉમેર્યા વિના ફંડ ટ્રાન્સફરની સુવિધા ઉપલબ્ધ કરાવી છે. આનાથી ગ્રાહકો એક સમયે દૈનિક રૂ. ૨૫૦૦ સુધીની રકમ ટ્રાન્સફર કરી શકશે અને તેનાથી કૈશલેસ ટ્રાન્ઝેક્શનને પ્રોત્સાહન પણ મળશે. ફંડ ટ્રાન્સફરની પ્રક્રિયા સરળ અને સંપૂર્ણપણે સુરક્ષિત છે કારણકે ગ્રાહકના રજીસ્ટર્ડ મોબાઈલ નંબરથી જ ટ્રાન્ઝેક્શન થઈ શકશે. આ ઉપરાંત, ગ્રાહકને તેમના રજીસ્ટર્ડ મોબાઈલ નંબર ઉપર કન્ફર્મેશન એસએમએસ પણ પ્રાપ્ત થશે, જે એનક્રિપ્ટ હશે અને તેથી તેમાં ચેડા કરી શકાશે નહીં.

## નવજીવન દ્વારા સ્વત્વ ઍથનિક વૅરનો આરંભ

મહાત્મા ગાંધીના ખાદી અને ગ્રામસ્વરાજના વિચારને વેગવાન બનાવવા તથા યુવાનોને એ વિચાર તરફ વાળવાના હેતુથી ‘સ્વત્વ’નામે પરંપરિત વસ્ત્રો તથા હસ્તકલાના કારીગરોએ બનાવેલી વસ્તુઓ જેવી કે માટીના વાસણો, હાથે બનાવેલી કીચેઈન, રમકડાં તથા ભરતકામની વસ્તુઓનો શૉ-રુમ ૯મી ઑકટોબરથી ખુલ્લો મુકાશે.

‘ખાદીએ વસ્ત્ર નહિં વિચાર છે’ એ વિચારધારાને લક્ષ્મમાં લઈને શરુ થયેલો આ વિચાર થોડોક વિસ્તાર્યો પણ છે. માત્ર ખાદીના જ વસ્ત્રો નહીં પણ ગ્રામસ્વરાજની ગાંધીની વાતને વણી લઈને આ આખો વિચાર વિસ્તૃત ફલક પર મૂક્યો છે. કચ્છના કારીગરો દ્વારા તૈયાર કરાયેલા બ્લોક પ્રિન્ટમાંથી તૈયાર કરાયેલાં વસ્ત્રો પણ ‘સ્વત્વ’નો એક ભાગ હશે. વળી, આ તમામ વસ્ત્રો શૈલજા પાઠક, પુણ્યા શાહ અને રેનુ મિત્તલ, આ ત્રણ ડિઝાઈનરોએ વિશેષ સૂઝથી ડિઝાઈન કર્યા છે. નવરાત્રી માટેનાં ખાસ ખાદીનાં કેડિયા અને ધોતી ‘સ્વત્વ’ની ખાસ ભેટ હશે. વૅસ્ટન ડિઝાઈનો પણ જોવા મળશે. અઠવાડિયામાં એક વાર એક યુવાન એક દિવસ ખાદી પહેરતો થાય એવી આશા અમે રાખીએ છીએ. જુદી-જુદી સિઝન પ્રમાણે ‘સ્વત્વ’ માં ખાદીનાં તૈયાર વસ્ત્રો પણ તૈયાર કરાવવામાં આવશે. હસ્તકલાના કારીગરોને બોલાવીને કેમ્પ યોજવાનું આયોજન ભવિષ્યમાં થશે. મંગળવારથી રવિવાર ‘સ્વત્વ’ ૧૨.૦૦ થી ૯.૦૦ સુધી ખુલ્લું રહેશે તેનો સૌ કોઈ લાભ લઈ શકશે.

## રૂહ અફઝાના છોટા પેક સાથે હમદર્દનો પશ્ચિમી બજારમાં વ્યૂહાત્મક પ્રવેશ

આંધ્રપ્રદેશ અને તેલંગણમાં મોટી બજારોમાં અદ્‌ભુત પ્રતિસાદથી આનંદિત ૬૦૦ નૈસર્ગિક અને હર્બ આધારિત પ્રોડક્ટોના પોર્ટફોલિયોની વ્યાપક શ્રેણી સાથે ભારતમાં અગ્રણી આરોગ્ય અને સ્વાસ્થ્ય કલ્યાણ કંપનીમાંથી એક હમદર્દ ઈન્ડિયાએ આજે અમદાવાદમાં રૂહ અફઝાના નાના પેક (૨૫૦ મીલીના રૂ. ૫૦) લોન્ચ કર્યું છે.

હમદર્દનું ખ્યાતિ પ્રાપ્ત અને પ્રતિકાત્મક હર્બલ તાજગીપૂર્ણ પીણું ખૂબ જ લોકપ્રિય છે. દરેક ભારતીય ઘરોમાં તેણે સ્થાન જમાવ્યું છે અને પેઢી દર પેઢી માટે દેશનું મનગમતું પીણું બની રહ્યું છે. તેનાં સુખદ અને અજોડ સ્વાદ, સુગંધ, રંગ અને સારપ માટે જ્ઞાત રૂહ અફઝાની લોકપ્રિયતા આરંભથી સદીઓ સુધી જળવાઈ રહી છે. હર્બ્સ અને ફળનાં રસની અજોડ રચના રૂહ અફઝા હમદર્દ ખાતે યુનાનીના આગેવાનો દ્વારા વિકસાવવામાં આવ્યું હતું.

## ‘ઈઝીડીઆઈ’ આઈઆઈટી પટના સાથે ‘શુશ્રુત’ ક્લિનિકલ રિસર્ચ માટેની રિસર્ચ લેબ અને હેલ્થકૅર ક્ષેત્રે નવતર વલણો જાણવા કરાર

અમેરિકા અને નોર્થ અમેરિકા વિસ્તારમાં કાર્યરત હેલ્થકૅર ઈન્ફોર્મૅટિક્સ અને ડેટા એનાલિટીક્સ કંપની ઈઝીડીઆઈ એ આજે આઈઆઈટી પટના સાથે ઈન્સ્ટિટ્યૂટના નવા કેમ્પસમાં ક્લિનિકલ રિસર્ચ માટેની રિસર્ચ લેબ સ્થાપવા સમજૂતીના કરાર કર્યા છે. આ સહયોગ આઈઆઈટી પટનાના કોમ્પ્યુટર સાયન્સ ડિપાર્ટમેન્ટ સાથે જોડાઈને વ્યાપક સંશોધન અને વિશ્લેષણ કામગીરી હાથ ધરવા માટે કરાયા છે.

ઈઝીડીઆઈના સીઈઓ શ્રી ચેતન પરીખ જણાવે છે કે ‘ઈઝીડીઆઈ માને છે કે હાલમાં હેલ્થકૅર ક્ષેત્રે મહત્ત્વની સમસ્યાઓને કારણે ઉદ્યોગના વિકાસને રોકતી જે સમસ્યાઓ પેદા થઈ છે તેને હલ કરવામાં એડવાન્સ્ડ ટેકનોલોજી સહાય કરશે. બીગ ડેટા એવાં સોલ્યુશન્સ પૂરાં પાડશે જે પેશન્ટ કૅર ઉપરાંત ખર્ચ ઘટાડવામાં સહાય કરશે. આઈઆઈટી, પટના જેવી ટોચની સંસ્થા સાથે કામ કરીને અમે ઈઝીડીઆઈના બિઝનેસના પાસા અને આઈઆઈટીના શૈક્ષણિક પાસા, બંને માટે મૂલ્ય સર્જન કરવા માગીએ છીએ. અમે ઈન્સ્ટિટ્યૂટ સાથે લાંબા ગાળાના સંબંધો માટે આશાવાદી છીએ.’

## રાષ્ટ્રપતિભવનમાં ગરબા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગોખમાં રે...’ના તાલે ગાંધીનગરના કલાકારો સુંદર ગરબો રજુ કરશે. પનઘટ કલા કેન્દ્રના પ્રમુખ ભાવિન પટેલના માર્ગદર્શન હેઠળ રજુ થનાર આ કૃતિમાં ગાંધીનગરના કલાકારો મીતિ ભટ્ટ, અનુપા પંડ્યા, અન્વિ શાહ, ખુશ્બુ ભાવસાર, માનસી રાવલ, ભવ્યા ભટ્ટ, ઈશા ભટ્ટ, ફોરમ તન્ના, ભૂમી દવે, દિવ્યા પંડ્યા, મોનિકા ભાટીઆ, વ્યોમા ભટ્ટ, અનુજા પુરોહિત, ધરતી કંદોઈ, હિર શુકલ, નૈસર્ગી જોષી, શ્રુતિ જોષી, વૈદેહી પંડ્યા અને અંકિત પટેલ સુંદર કૃતિ રજૂ કરશે. ૧૫ અને ૧૬ ઓક્ટોબરના રોજ રાષ્ટ્રપતિ ભવન ખાતે રીહર્સલ યોજાશે. ત્યારબાદ ૧૭મીએ આ કાર્યક્રમ રજુ થશે.

## તંત્ર ત્રાટક્યું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આયામોની સાથે માળખાગત સુવિધાના કામો હાથ ધરવામાં આવ્યા છે. ત્યારે ગુડાના ટી પી વિસ્તારના પ્લોટમાં દબાણોએ ભરડો લીધો હોવાનુ ધ્યાને આવતા થોડા સમય અગાઉ જ ગુડાના ચેરમેન તેમજ અધિકારીઓએ વિસ્તારની મુલાકાત લઈ દબાણો દુર કરી દેવા દબાણકર્તાઓને સુચના આપવામાં આવી હતી આ તબક્કે કેટલાક દબાણો દુર પણ કરવામાં આવ્યા હતા. ગુડાના અધિકારીઓ દ્વારા આજે ટી પી નં ૬ ના વિસ્તારમાં સ્થિત ગાર્ડન રેસ્ટોરન્ટ દ્વારા સર્વિસ રોડને અડીને જ દબાણ કરી દેવાતા દબાણકર્તાઓને તંત્ર દ્વારા તાત્કાલિક દબાણ દુર કરી દેવા સુચના આપવામાં આવી હતી. અલબત્ત જરૂરી માલ સામાન ખાલી કરી દેવા પણ તંત્રએ સુચના આપી હતી જેના અંતે આગામી દિવસોમાં સ્થળ પરથી કાચા પાકા દબાણો દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

## દિવાળી ભેટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ પહેલી જાન્યુઆરી ૨૦૧૫થી અમલી બને તે રીતે મોંઘવારી ભથ્થામાં ૭ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા અગાઉ આ અંગેની જાહેરાત વિધિવતરીતે કરાઈ હતી. અગાઉ જ્યારે ડીએમાં વધારો કરવામાં આવ્યો ત્યારે તેને ૧૦૭ ટકાથી વધારીને ૧૧૩ ટકા કરવામાં આવ્યો હતો. આનાથી રાજ્ય સરકારના કર્મચારીઓ, પંચાયતના કર્મચારીઓ અને રાજ્ય સરકારના પૅંશનરોને લાભ મળ્યો હતો. બીજીબાજુ આજે મોંઘવારી ભથ્થાને ૧૧૩ ટકાથી વધારીને ૧૧૯ ટકા કરવામાં આવ્યા બાદ આનાથી પણ લાખો કર્મચારીઓને સીધો ફાયદો થશે. આશરે ૫ લાખ કર્મચારીઓને સીધો ફાયદો મળશે. તીવ્ર મોંઘવારી પ્રવર્તી રહી છે ત્યારે ડીએમાં ૭ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આજે મોડી સાંજે આ અંગેની જાહેરાત કરાઈ હતી. કેટલાક દિવસથી આ અંગેની વિચારણા ચાલી રહી હતી.

## હાઈકોર્ટ નાખુશ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દરમીયાનમાં રાજય સરકારે હાર્દિક પટેલના મુદ્દે આજે કોર્ટમાં સોગંદનામું કર્યું હતું. જેમાં એમ જણાવવાયું છે કે હાર્દિક સ્વયંભુ ગુમ થયો હતો અને અપહરણની વાત ઉપજાવી કાઢી છે. કોર્ટની સુનાવણી પુર્ણ થયા બાદ હાર્દિક પટેલની મીડીયાને જણાવ્યું હતું કે કોર્ટ કાર્યવાહી પુરી થયા બાદ જે રીતે મીડિયા સમક્ષ બોલો તે યોગ્ય નથી. હાઈકોર્ટે આજે હાર્દિક પટેલ પાસે તેના ગુમ થવા અને ત્યારબાદ મળી આવવા વચ્ચેના ઘટનાક્રમની તમામ વિગતો માંગી હતી. અગાઉ થયેલી હેબિયર્સ કોપર્સની હાઇકોર્ટમાં મુદ્દત કોઈ હાર્દિક પટેલ હાઈકોર્ટમાં હાજર થયો હતો. પાટીદાર અનામત આંદોલનના કન્વીનર હાર્દિક પટેલ ઉત્તર ગુજરાતની એક સભામાંથી ગુમ થયા બાદ સમગ્ર ગુજરાતમાં ચકચાર મચી ગઈ હતી. હાર્દિક પટેલનું અપહરણ થયું તેમજ જાતે ગુમ થયો તેવી ચર્ચાએ જોર પકડ્યુ હતું. દરમ્યાન પોલીસ ખાતુ પણ તેને શોધવા આકાશપાતાળ એક કરી રહ્યું હતું. પણ તેનો કોઈ પત્તો લાગ્યો ન હતો. હાર્દિક પટેલના વકીલ બાબુભાઈ માંગુક્યિાએ હાઈકોર્ટમાં હેબિયર્સ કોપર્સ દાખલ કરી હતી અને ૨૪ કલાકમાં હાર્દિક પટેલને કોર્ટમાં હાજર કરવા રજુઆત કરી હતી. હાઈકોર્ટે આના અનુસંધાને તંત્રને હાર્દિકને હાજર કરવા હુકમ કર્યો હતો. હાર્દિક પટેલ ગુમ થયા બાદ ધાંગ્રધા-હળવદ રોડ પર પરથી મળી આવ્યો હતો. હાર્દિક પટેલે એ વખતે એવું જણાવ્યું હતું કે, મારું અપહરણ કરી મને ધાંગ્રધા-હળવદ રોડ પર ઉતારી દેવામાં આવ્યો હતો. હાર્દિકના આ નિવેદનની ગુજરાત હાઈકોર્ટે ગંભીર નોંધી લીધી હતી અને વધુ સુનાવણી માટે આજની મુદ્દત આપી હતી.


## જાહેર હરાજી

આથી શાહપુર પ્રાથમિક શાળા, તા.જી. ગાંધીનગરની પ્રાથમિક શાળાના ૩ સિમેન્ટના પતરાવાળા રૂમોના કાટમાળની જાહેર હરાજી તા. ૧૨/૧૦/૨૦૧૫ને સોમવારે સવારે ૧૦.૩૦ કલાકે રાખેલ છે. ભાગ લેવા ઈસમોએ અપસેટ વેલ્યુની ૨૫% રકમ આપી હરાજીમાં ભાગ લઈ શકશે. હરાજીના સામાન્ય નિયમો સ્થળ પર જણાવવામાં આવશે. રસ ધરાવતી વ્યક્તિએ નીચેના સ્થળે અને તારીખે હાજર રહેવા જણાવવામાં આવે છે.

શાળા વ્યવસ્થાપન સમિતિ
શાહપુર પ્રાથમિક શાળા, તા.જી. ગાંધીનગર.
મો. ૯૭૨૪૦ ૮૯૧૮૧